ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧ નવેમ્બર, ૨૦૨૬

નિત્શેનો 'લાસ્ટ મેન' આવી રહ્યો છે

જ્ઞાન એ સંવિત્, માનવચેતના, કોન્શિયસનેસ નામના અંતિમ અજેય કિલ્લાની એકમાત્ર કૂંચી છે. સદીઓથી આ કિલ્લો અડીખમ રહ્યો, કારણ કે માણસે જ્ઞાન નામની એ કૂંચી પોતાની ભીતર જીવંત રાખી હતી. પરંતુ વિચારો કે જો એ કૂંચી માણસ પોતે જ સામે ચાલીને બીજા કોઈને સોંપી દે તો? હાથ જોડીને કહી દે કે, 'લે, આ ચાવી, જા, ફતેહ કર.' તો? 'આ જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી' એવું અત્યંત પ્રમાદમાં કહીને જ્ઞાનને તિલાંજલિ આપી દે તો? જ્ઞાનનું શું થશે? અને એનાથીય વિશેષ તો માનવજાતનું શું થશે? ફ્રેડરિક નિત્શેએ 'ધ સ્પોક ઝરથુસ્ત્ર'માં 'ધ લાસ્ટ મેન'ની વિભાવના આપી છે, એવો બની જશે માણસ?

અને, એનો આરંભ થઈ ચૂક્યો છે. માણસે કૂંચી સોંપી દીધી છે; હવે તો કેવળ એ જોવાનું બાકી છે કે નાગોરિયાની નવમી કૂકરી પડવામાં કેટલી વાર લાગે છે! તાજેતરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, કૃત્રિમ બુદ્ધિ, AI માનવસભ્યતાને નષ્ટ કરી નાખશે કે બળજબરીથી ગુલામ બનાવી દેશે, તેવી કાગારોળ વૈશ્વિક ટેક-જાયન્ટ્સના સીઈઓએ મચાવી છે. પરંતુ મૂળ જોખમ એ નથી કે AI માનવીય ગૌરવને છીનવી લેશે. વાસ્તવિક અને ભયાનક જોખમ એ છે કે માણસ પોતે, અત્યંત રાજીખુશીથી અને સ્વેચ્છાએ, યંત્રની ગુલામી સ્વીકારી લેશે.

જ્યારથી પૃથ્વી પર માનવ પગલાં પડ્યાં, ત્યારથી તેની ઉન્નતિ અને અસ્તિત્વની અનિવાર્ય શરત એક જ હતી, જ્ઞાન. અડાબીડ જંગલોમાં જીવતા રહેવા માટે શિકાર કરવો, અગ્નિ પ્રગટાવવો, ઋતુઓ અને દિશાઓ પારખવી કે ઓજારો ઘડવાં એ પ્રાથમિક જ્ઞાન હતું. એ જ્ઞાન વિસ્તર્યું એટલે ખેતી આવી. શ્રમ ઘટાડવા

અનંતર
કાના બાંટવા

યંત્રો શોધાયાં અને રોગમુક્ત રહેવા શરીરશાસ્ત્ર તથા ઔષધિશાસ્ત્ર વિકસ્યાં. અસ્તિત્વના પ્રત્યેક વળાંકે સંઘર્ષ અને જ્ઞાન અનિવાર્ય હતાં.

પરંતુ માનવ ઈતિહાસમાં પ્રથમ વખત એક એવો અંધકારમય વળાંક આવ્યો છે, જ્યાં માણસ માટે જ્ઞાન જ અપ્રસ્તુત થઈ જશે. તમામ આવશ્યક વિદ્યાઓ અને સંશોધનો હવે AI હસ્તગત કરી રહ્યું છે. નવી ક્ષિતિજો પણ તે જ ઉઘાડશે અને જ્ઞાન પણ તે જ અર્જિત કરશે. જ્યાં જ્ઞાન મેળવવાની અનિવાર્યતા જ ન રહે, ત્યાં અજ્ઞાનને ભેદવાનો સંઘર્ષ આપોઆપ ઓગળી જાય છે. વિચારો, જ્યારે કૃત્રિમ બુદ્ધિ સર્વજ્ઞ અને 'સર્વકૃત્' (તમામ કાર્યો કરનારી) બની જશે, ત્યારે માનવ પાસે કરવા જેવું શું શેષ રહેશે?

કદાચ કોઈ દલીલ કરે કે માણસ ત્યારે પોતાની સર્જનાત્મકતામાં રમમાણ રહેશે, સંગીત રેલાવશે, ચિત્રો દોરશે, કવિતાઓ રચશે કે નૃત્ય કરશે. પણ ના, આ કેવળ ભ્રમણા છે. જે આનંદ મેળવવા વર્ષોની સાધના, આંગળીઓનાં છોલાણ અને માનસિક વલોપાત વેઠવો પડે, એ જ નિજાનંદ જો કોઈ ચિપ કે અલ્ગોરિધમ મગજમાં માત્ર બેઠાં બેઠાં, રજમાત્ર કષ્ટ વગર ભરી આપતું હોય, તો માણસ જેવું સુખલોલુપ પ્રાણી આંગળી પણ શા માટે હલાવે?



અહીં તત્ત્વચિંતક રોબર્ટ નોઝિકનો સુપ્રસિદ્ધ વિચાર-પ્રયોગ 'ધ એક્સપિરિયન્સ મશીન' અક્ષરશ: સાચો પડતો દેખાય છે. નોઝિકે પૂછ્યું હતું: 'જો કોઈ એવું કાલ્પનિક યંત્ર ઉપલબ્ધ હોય, જે તમારા મગજને ઉત્તેજિત કરીને તમે ઈચ્છો તે તમામ મહાન સિદ્ધિઓ, સુખો અને સર્જનોની જીવંત અનુભૂતિ અંદર બેઠાં બેઠાં કરાવી શકે, તો શું તમે વાસ્તવિક સંઘર્ષો છોડીને કાયમ માટે એ મશીનમાં પુરાઈ જવાનું પસંદ કરશો?' નોઝિકને આશા હતી કે સાચો માણસ વાસ્તવિકતા પસંદ કરશે. કલ્ટ મૂવી બની ગયેલી ફિલ્મ 'ધ મેટ્રિક્સ' આ જ પ્રયોગ પર આધારિત છે.

મેટ્રિક્સના પેલા સાઈફર જેવો સામાન્ય માણસ આજે સામે ઊભો છે, જે લાલ ગોળી (કડવી વાસ્તવિકતા) ઠુકરાવીને બ્લુ ગોળી (મીઠી ભ્રમણા) ગળી લેવા આતુર છે. તેને ખબર છે કે જે સ્વાદિષ્ટ સ્ટેક તે ખાઈ રહ્યો છે તે સાચો નથી, માત્ર મશીન દ્વારા મગજમાં વહેવડાવાતો એક સંકેત છે; છતાં તે કહે છે: 'અજ્ઞાન જ પરમ સુખ છે!'

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ચૌદમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણએ આ જ સ્થિતિની વાત કરી છે:

તમસ્ત્વજ્ઞાનજં વિદ્ધિ મોહનં સર્વદેહિનામ્ ।
પ્રમાદાલસ્યનિદ્રાભિસ્તન્નિબધ્નાતિ ભારત ॥

હે અર્જુન, સર્વ દેહધારીઓને મોહિત કરનારા તમોગુણને તું અજ્ઞાનમાંથી જન્મેલો જાણ. એ જીવને પ્રમાદ, આળસ અને ઊંઘ દ્વારા બાંધી લે છે. ગીતા જેને 'પ્રમાદ' (કર્તવ્ય પ્રત્યેની બેદરકારી), 'આળસ્ય' (શરીર અને બુદ્ધિની નિષ્ક્રિયતા) અને 'નિદ્રા' (ચેતનાની ઘોર બેહોશી) કહે છે, તે ત્રણેય લક્ષણો આજે ડિજિટલ સુવિધાના સુંવાળા ઓવરકોટમાં લપેટાઈને આવી રહ્યાં છે.

જ્યારે તમામ કર્મો યંત્રો કરશે, ત્યારે તે માનવજાતને ખતમ નહીં કરી નાખે, માનવી માત્ર સુવિધાભોગી 'પાલતુ પ્રાણી' બનીને રહી જશે. જેમ ઘરમાં પાળેલા શ્વાન કે બિલાડીને પોતાના ભોજન, સ્વાસ્થ્ય કે સુરક્ષાની કોઈ ચિંતા હોતી નથી અને તેમનો જીવનપર્યંત યોગક્ષેમ માલિક વહન કરે છે, બરાબર એ જ રીતે માણસ ટેક્નોલોજી સામે પરવશ થઈને રહેશે. એટલું જ નહીં, તેના નિર્ણયો પણ મશીન જ લેશે. AI માનવસંસ્કૃતિને ખતમ નહીં કરે, પણ પીડારહિત સંતોષ આપીને માણસમાંથી વિચારવાનો અગ્નિ હંમેશ માટે ઓલવી નાખશે.

આ અતિશયોક્તિ નથી, આજની વાસ્તવિકતા છે. સોશિયલ મીડિયાના પ્રારંભિક અલ્ગોરિધમ્સ આજે જ નક્કી કરી રહ્યા છે કે આપણે શું વાંચવું, શું વિચારવું, કોના પર રોષ ઠાલવવો અને કયો સામાન ખરીદવો. વૈશ્વિક ગ્રાહકોના ૬૦ ટકાથી વધુ ખરીદીના નિર્ણયો આજે AI સંચાલિત સૂચનોથી પ્રભાવિત હોય છે. જો આજે આ સ્થિતિ હોય, તો આગામી દાયકાઓમાં શું થશે? માણસ પોતાના જીવનની લગામ સ્વેચ્છાએ અલ્ગોરિધમને સોંપી દેશે, એ આંધળા વિશ્વાસ સાથે કે મશીન તેને પોતાના કરતાં પણ વધુ સારી રીતે ઓળખે છે અને તેના હિતનું શ્રેષ્ઠ રક્ષણ કરી શકે છે. સ્વતંત્રતાનું આ સ્વૈચ્છિક સમર્પણ જ માનવસભ્યતાની

AI માનવજાતને બળજબરીથી ગુલામ નહીં બનાવે, માણસ સ્વેચ્છાએ પોતાનું સ્વાતંત્ર્ય એના ચરણે ધરી દેશે

સૌથી નિકૃષ્ટ, અધમ કક્ષા હશે.

અહીં પેલો નિત્શેનો 'ધ લાસ્ટ મેન' પ્રતીતિકર લાગે છે. નિત્શેએ આજથી ૧૪૩ વર્ષ પહેલાં ઝરથુસ્ત્રના મુખમાં શબ્દો મૂક્યા છે: 'એ સમય દૂર નથી જ્યારે માણસ પોતાના અંતરમાં કોઈ નવો તારો જન્માવી શકે તેવો સર્જનાત્મક અરાજકતાનો અગ્નિ ગુમાવી ચૂક્યો હશે.

લાસ્ટ મેનનો યુગ આવશે, જે પૃથ્વી પર સૌથી લાંબું જીવશે, જેમ ચાંચડ ક્યારેય મરતો નથી!' 'લાસ્ટ મેનને કોઈ જોખમ ખપતું નથી, તે કોઈ ઉત્તુંગ સંઘર્ષ કરતો નથી. તે દિવસનું અલ્પ સુખ શોધે છે અને રાતનું અલ્પ સુખ. તે પોતાના તન-મન અને સ્વાસ્થ્યનું ખૂબ ધ્યાન રાખે છે. તે કોઈના પર શાસન નથી કરતો કે કોઈની ગુલામી નથી કરતો, કારણ કે બંને બાબતો ત્રાસદાયક છે. તેના માટે બધા એકસરખા છે; કોઈ અસાધારણ બનવા મથે તો તેને પાગલ ખપાવી દેવાય છે.' 'અને ખબર છે, એ લાસ્ટ મેન શું કહેશે? તે કહેશે: 'અમે સુખ શોધી લીધું છે'. અને પછી તે પોતાની નિર્દોષ, બુદ્ધિહીન આંખો પટપટાવશે!'

ઝરથુસ્ત્રને એમ હતું કે આ કાયર અને તુચ્છ જીવનનું વર્ણન સાંભળીને લોકો શરમાશે, પસ્તાવો કરશે અને ઓવરમેન બનવાની માંગ કરશે. પરંતુ ભીડમાં ક્ષણભર માટે શાંતિ છવાય છે, અને પછી અચાનક આનંદનો પ્રચંડ અવાજ ગૂંજી ઊઠે છે: 'હે ઝરથુસ્ત્ર, અમને એ 'લાસ્ટ મેન' બનાવી દે! અમને એવું જ જીવન જોઈએ છે, જ્યાં કોઈ પીડા ન હોય, કોઈ સંઘર્ષ ન હોય, બસ આરામ અને સુખ હોય! તારો ઓવરમેન, અતિમાનવ તારી પાસે જ રાખ, અમને બસ એ 'લાસ્ટ મેન' આપી દે!'

માણસ બરાબર એ જ ભીડ બની ચૂક્યો હશે, એ જ સુખદ બેહોશી માંગી રહ્યો હશે. ઈશોપનિષદના ત્રીજા મંત્રમાં વર્ણવેલી ચેતવણી મૂર્તિમંત થતી દેખાશે:

'અસુર્યા નામ તે લોકા અન્ધેન તમસાવૃતા:'

આપણાં પાયાનાં મૂલ્યો અને આંતરિક પડકારો

વિશ્વમાં ભારતની જે પ્રતિષ્ઠા છે એ માત્ર પૌર્વાત્ય દર્શન, ગાંધી અને નેહરુના કારણે નથી, બીજાં પણ કેટલાંક કારણો છે, જેની આજે અહીં વાત કરવી છે. ૧૯૪૭માં ભારતને આઝાદી મળી પણ એ લોહિયાળ હતી. ભારતનું કોમી વિભાજન થયું હતું. ભારત અને પાકિસ્તાનમાં કુલ મળીને અંદાજે વીસ લાખ લોકો કોમી હુલ્લડોમાં માર્યા ગયા હતા અને લગભગ દોઢ કરોડ લોકોએ પોતાનું વતન ગુમાવ્યું હતું. બન્ને દેશોમાં અંદાજે એક લાખ મહિલાઓ સાથે દુષ્કૃત્ય કરવામાં આવ્યાં હતાં. ભારત અને પાકિસ્તાનમાં કોમી ઝનૂન તેની ચરમસીમાએ હતું ત્યારે ભારતની બંધારણસભા તેનાથી જરા પણ વિચલિત થયા વિના બંધારણ ઘડતી હતી. ભેદભાવ વગર પ્રત્યેક નાગરિકને એક સરખું સ્થાન, એક સરખા અધિકારો, એક સરખી બંધારણીય સુરક્ષા આપવામાં આવ્યા હતાં. સાર્વભૌમત્વ ભારતના નાગરિકને આપવામાં આવ્યું હતું. બંધારણસભામાં એક પણ સભ્યે કહ્યું નહોતું કે મુસલમાનોએ ઈસ્લામના નામે પાકિસ્તાન બનાવ્યું છે તો ભારતે હવે હિંદુ ધર્મના નામે હિન્દુસ્તાન બનાવવું જોઈએ જેમાં હિંદુઓનો હાથ ઉપર હોય. કોઈએ એવું કહ્યું નહોતું કે મુસલમાનોને દ્વિતીય નાગરિકત્વ આપવું જોઈએ. એવું નથી કે આવું માનનારા અને કહેનારા લોકો નહોતા, પણ તેઓ બંધારણસભામાં નહોતા. તેમની એટલી હેસિયત જ નહોતી કે તેઓ બંધારણસભા સુધી પહોંચે. હિંદુ મહાસભાના નેતા અને ભારતીય જનસંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ પણ બંધારણસભામાં અલગ હિન્દુત્વવાદી સૂર નહોતો કાઢ્યો. બાજુમાં પાકિસ્તાન મહમ્મદ અલી ઝીણાના પ્રયાસ પછી પણ આધુનિક સેક્યુલર રાષ્ટ્ર બની શક્યું નહોતું. મહમ્મદ અલી ઝીણાની ઈચ્છા વિરુદ્ધ પાકિસ્તાનને ઈસ્લામિક રાષ્ટ્ર જાહેર કરવું પડ્યું હતું જેમાં સાર્વભૌમત્વ પ્રજાનું નહોતું, અલ્લાહનું હતું.

જગત વિસ્મિત થઈને જોઈ રહ્યું હતું ।કે આવું કેમ બની શકે! દેશમાં ઊભી કોમી તિરાડ પડી હતી, લોકો એકબીજાનાં ગળાં કાપતાં હતાં, જે ભારતમાતાની કલ્પના વિકસાવી હતી અને તેને પ્રેમ કર્યો હતો તેનું વિભાજન થયું હતું, લોકોએ પોતાનું વતન ગુમાવ્યું હતું, અનેક લોકો બેહાલ થઈ ગયા હતા અને તેની વચ્ચે આટલો વિવેક! આટલી સહિષ્ણુતા! આટલી ધીરજ! આટલી દૂરંદેશી! આવું કેમ બની શકે? ક્યાંથી આવી છે આ શક્તિ? આ પ્રજા કઈ માટીની બનેલી છે?

આ હું નથી કહેતો, ત્યારે ભારત વિષે આમ કહેવામાં આવતું હતું અને તેનાં અનેક પ્રમાણ ઉપલબ્ધ છે.

બીજું આશ્ચર્ય રજવાડાઓનું વિલીનીકરણનું હતું. દેશ આઝાદ થયો ત્યારે તે ૫૬૨ રિયાસતોમાં વહેંચાયેલો હતો. કાનૂની રીતે અને ટેકનીકલી રજવાડાંઓને પણ ભારતની સાથે અંગ્રેજોથી આઝાદી મળી હતી. તેઓ સ્વતંત્ર હતા. રિયાસતોનો ઉપયોગ કરીને ભારતને તેના જન્મ પહેલા જ વીખી નાંખવાની કેટલાંક લોકોની યોજના પણ હતી. ભૂતપૂર્વ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ, અંગ્રેજ સરકારના પોલીટીકલ ડીપાર્ટમેન્ટના વડા સર કોનરાડ કૉરફિલ્ડ અને મહમ્મદ અલી ઝીણા અને રાજવીઓ આ માટે આતુર હતા. એની વચ્ચે રજવાડાંઓનું વિલીનીકરણ કરી નાખવામાં આવ્યું. કેબીનેટ મિશન પ્લાન મુજબ સ્વાયત્તતા



આપ્યા વગર. ૧૯૫૦ના જાન્યુઆરી મહિનાની ૨૬મી તારીખે ભારત પ્રજાસત્તાક બન્યું અને ત્યાં સુધીમાં ભારતનું એકીકરણ પણ થઈ ગયું. આ બીજી એવી ઘટના હતી જેણે જગતને સુખદ (કેટલાંક લોકો માટે દુ:ખદ) આંચકો આપ્યો હતો. ભારતના કોમી ટૂકડા થયા પછી રિયાસતો દ્વારા હજુ વધુ ટૂકડા થવાના છે એની ખાતરી ધરાવનારાઓને ધક્કો લાગ્યો હતો.

આટલી ઝડપથી કોમી આગ બુઝાવવામાં આવી, આટલી ઝડપથી શરણાર્થીઓને થાળે પાડવામાં આવ્યા, આટલી ઝડપથી બંધારણ ઘડવામાં આવ્યું અને લાગુ પણ કરવામાં આવ્યું અને આટલી ઝડપથી ભારતનું એકીકરણ થયું.

નો નોનસેન્સ
રમેશ ઓઝા

જગત માટે હજુ એક આશ્ચર્ય બાકી હતું.

જ્યારે વિશ્વને જાણ થઈ કે ભારતે યુનિવર્સલ એડલ્ટ ફ્રેન્ચાઈઝ એટલે કે પ્રત્યેક પુખ્ત વયના ભારતીયને મત આપવાનો બિનશરતી અધિકાર આપ્યો છે ત્યારે વિશ્વમાં બે પ્રકારની પ્રતિક્રિયા પેદા થઈ હતી. વિરોધીઓને અને વાંકદેખા લોકોને એમ લાગતું હતું ભારતના લોકતંત્રનો પહેલી સામાન્ય ચૂંટણીમાં જ ખાત્મો થઈ જવાનો છે. ત્યારે ભારતની ૮૬% પ્રજા અશિક્ષિત હતી અને લગભગ ૮૦% પ્રજા ગરીબીરેખાની નીચે હતી. આ સિવાય ગ્રામીણ ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર નામનું હતું. એમ પણ માનવામાં આવતું હતું કે ભારતીય સમાજ સામંતશાહી માનસ ધરાવે છે જે આધુનિક રાજ્ય અને મુલ્યોને અપનાવી શકે એમ નથી. તેઓ કાગડોળે રાહ જોતા હતા કે ક્યારે ભારતમાં ચૂંટણી યોજાય અને ક્યારે ભારતના લોકતંત્રની કસુવાવડ થાય.

આવું માનનારાઓમાં કેટલાંક ભારત માટે સહાનુભુતિ ધરાવનારાઓ પણ હતા અને સહાનુભૂતિ ધરાવાનારાઓએ ભારતનું બંધારણ ઘડાતું હતું ત્યારે ભારતના નેતાઓને સલાહ પણ આપી હતી કે ભારતની પ્રજાને યુનિવર્સલ એડલ્ટ ફ્રેન્ચાઈઝ આપવાની ભૂલ ન કરવી જોઈએ. વિશ્વના પ્રગતિશીલ સમૃદ્ધ દેશોએ પણ ધીરે ધીરે મતદાનનો અધિકાર વિસ્તાર્યો છે. ઈંગ્લેંડમાં મહિલાઓને મતદાનનો અધિકાર ૧૯૧૮માં આપવામાં આવ્યો હતો અને પ્રત્યેક નાગરિકને મતદાનનો અધિકાર છેક ૧૯૨૮માં આપવામાં આવ્યો હતો. પહેલા પ્રજાને આધુનિક લોકતંત્ર તેમ જ આધુનિક મુલ્યોને પચાવી શકે એ રીતે તૈયાર કરવી જોઈએ અને એ પછી જ મતદાનનો અધિકાર આપવો જોઈએ.

પણ બંધારણ ઘડનારાઓએ કોઈનીય વાત સાંભળી નહોતી અને એક ઝાટકે દરેકને મતદાનનો અધિકાર આપ્યો હતો એટલે પહેલી કસોટી ચૂંટણી વખતે થવાની હતી. ભારત લોકતંત્ર બનશે તો એ પ્રજાસત્તાક હશે અને એમાં દરેક એક સરખા ભાગીદાર હશે. શિક્ષણ અને સંપત્તિના ધોરણે કોઈનેય બહાર રાખવામાં આવશે નહિ.

દેખીતી રીતે ભારતનું અહિત ઈચ્છનારાઓ અને વાંકદેખાઓ પહેલી સામાન્ય ચૂંટણીની રાહ જોતા હતા, કે ક્યારે ચૂંટણી યોજાય અને ક્યારે ભારતના લોકતંત્રનું બાળમરણ થાય. સહાનુભૂતિ ધરાવનારાઓ ફાલ સાથે કુતુહલ ધરાવતા હતા.

અને ભારતના લોકતંત્રની કસોટીનો એ દિવસ આવી ગયો. ૨૫મી ઓક્ટોબર ૧૯૫૧ના દિવસે સવારે આઠ વાગે અત્યારના હિમાચલ પ્રદેશના ચીની તાલુકાના પાંગી નામના ગામમાં શ્યામ શરણ નેગી નામના નાગરિકે મત આપીને ભારતના પ્રજાસત્તાક લોકતંત્રના શ્રીગણેશ કર્યા. ચૂંટણી સંપન્ન કરવામાં ચાર મહિના લાગ્યા હતા, કારણ કે ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહોતું અને શાસકોનો સંકલ્પ હતો કે દરેક ગામે અને દરેક નાગરિક સુધી લોકતંત્ર પહોંચવું જોઈએ. ભારતના ૪૪.૮૭% નાગરિકોએ મતદાન કર્યું હતું. માત્ર 18% સાક્ષરતા ધરાવતા દેશમાં એ પ્રમાણ ઓછું નહોતું. ભારતે આધુનિક રાજ્યવ્યવસ્થા અને મૂલ્યવ્યવસ્થાનો ચોથો કોઠો પણ પાર કરી લીધો એ જોયા પછી દુશ્મનોને છોડીને જગત ભારતમુગ્ધ હતું. પ્રારંભમાં કહ્યું એમ ભારતની પ્રતિષ્ઠા ગાંધી અને નેહરુના કારણે સ્થાપિત નથી થઈ, આ ચાર ચમત્કારોના કારણે સ્થાપિત થઈ છે. એ ચમત્કારો કરવામાં ભારતીય દર્શન, દાર્શનિકો, મહાત્મા ગાંધી અને જવાહરલાલ નેહરુનો ફાળો જરૂર છે, પણ મોટો ફાળો ભારતીય પ્રજાનો છે. તેણે એ સંસ્કારો વગર પ્રયાસે સહજ રીતે આત્મસાત કર્યા છે. અહીં પાંચમો ચમત્કાર પણ નોંધવો જોઈએ. અંગ્રેજોના વખતમાં ભારતમાં વખતોવખત ભૂખમરાની (ફેમિન)ની ઘટનાઓ બનતી હતી, પણ આઝાદી પછી આવી એક પણ ઘટના બની નહોતી. બે દાયકા પછી ભારત અન્નની બાબતમાં આત્મનિર્ભર બની ગયું.

દેખીતી રીતે ભારતનું અહિત ઇચ્છનારાઓ અને વાંકદેખાઓ પહેલી સામાન્ય ચૂંટણીની રાહ જોતા હતા, કે ક્યારે ચૂંટણી યોજાય અને ક્યારે ભારતનાં લોકતંત્રનું બાળમરણ થાય. સહાનુભૂતિ ધરાવનારાઓ ફાલ સાથે કુતુહલ ધરાવતા હતા

પણ દેશના અંદરના દુશ્મનોને આ બધું રાસ નહોતું આવતું. તેમને માણસાઈ સામે વાંધો હતો. હિંદુઓના દેશમાં વિધર્મીઓને સમાન અધિકાર અને ન્યાયની બાંયધરી આપવામાં આવે? મહાન હિંદુસંસ્કુતિમાં હરિજનોને, અન્ય અવર્ણોને, વન્યજાતિઓને અને સ્ત્રીઓને ભાગીદાર બનાવવામાં આવે? વ્યક્તિગત અધિકારોના નામે ધર્મ વ્યવસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા, વર્ણ વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા સાથે ચેડાં કરવામાં આવે? દ્રવિડો અને આર્યોને બરોબરીના ગણાવવામાં આવે? દેવભાષા સંસ્કૃતમાંથી પેદા કરવામાં આવેલી હિન્દીમાં મ્લેચ્છોની ભાષાના શબ્દો ઘૂસાડવામાં આવે? અકિંચન રહીને દેવભાષા સંસ્કૃતની, આર્યધર્મની અને આર્યસંસ્કુતિની સેવા કરનારા બ્રાહ્મણોની કોઈ વિશેષ કિંમત નહીં? બ્રાહ્મણો અને દલિતો એક પંગતમાં બેસે? તેમની અસૂયા તેમના માટે અસહ્ય હતી, પણ લાચાર હતા.

તેમણે ઘડવામાં આવેલા આધુનિક મુલ્યો આધારિત ભારતીય રાષ્ટ્રને અંદરથી કમજોર કરવાનું શરુ કર્યું. તેમણે પહેલું મહોરું પહેર્યું દેશપ્રેમ અને દેશભક્તિનું. બીજું મહોરું પહેર્યું રાષ્ટ્રવાદનું. ત્રીજું મહોરું પહેર્યું મહાન આર્યસંસ્કુતિનું. ચોથું મહોરું પહેર્યું આ બધા માટે નિસ્વાર્થ સમર્પિત રક્ષકનું. આર્યસંસ્કાર, વર્ણસંસ્કાર, કુટુંબસંસ્કારના નામે તેઓ ભારતીય રાષ્ટ્રમાં જેને પ્રવેશ આપવામાં આવ્યો હતો એવા એક સમયના વંચિતોને તેઓ પાછા વંચિત કરવા માગતા હતા. આ સિવાય તેમણે ગાંધી અને નેહરુ માટે પણ મોહરા બનાવ્યા હતા, જે રાક્ષસ જેવા હતા. કાનાફૂસી કરીને ગાંધી-નેહરુની એટલી બદનામી કરો કે લોકોને ખરેખર તેમાં રાક્ષસ નજરે પડે. સરદાર પટેલ જેવા થોડાક લોકોને નોખા તારવીને ગાંધી-નેહરુથી દૂર કરો અને એ રીતે ગાંધી-નેહરુને એકલા પાડો કે જેથી તેમને નિશાન બનાવી શકાય. ભારતીય રાષ્ટ્રના અંદરના દુશ્મનોને આગળ કહ્યું એમ સૌથી મોટો વાંધો માણસાઈ સામે હતો. જ્યાં સુધી લોકશાહી હશે, પ્રજાસત્તાક રાજ્ય હશે, બંધારણ હશે, સ્વતંત્ર ન્યાયતંત્ર હશે, કાયદાનું રાજ હશે, મુક્ત શિક્ષણ હશે, નાગરિક વિચારવાની, શંકા કરવાની અને પ્રશ્નો પૂછવાની આવડત ધરાવતો હશે, મુક્ત વિમર્શ હશે, અસંમત થવાની આઝાદી હશે અને અસંમતીનો મહિમા કરવામાં આવશે ત્યાં સુધી આપણને જે જોઈએ છે એ હાથ લાગવાનું નથી. અને તેમને શું જોઈએ છે એ તેમને શું નથી જોઈતું એ બતાવીને મેં આગળ કહ્યું છે.

ભારતની સ્થાપનાકીય સફળતા જોઈને જગત વિસ્મિત હતું અને આ લોકો દુ:ખી હતા. ભારતીય રાષ્ટ્રને નિષ્ફળ બનાવવા તેઓ આઠ દાયકાથી દિવસ રાત મથી રહ્યા છે. ૨૦૧૪માં કેન્દ્રમાં બહુમતી સાથે સત્તા મળ્યા પછી પહેલા તેઓ ભારતીય રાષ્ટ્ર કબજે કરવા અને કબજે કર્યા પછી તેને બદલવા પ્રયત્નશીલ હતા. દરેક લોકશાહી સંસ્થામાં બેસાડવામાં આવેલા જ્ઞાનેશ કુમારો ભારતીય રાષ્ટ્ર કબજે કરવામાં સાથ આપી રહ્યા છે.

પણ એની વચ્ચે પ્રજાની આંખ ઊઘડી ગઈ. ઊઘડી ગઈ એમ કહેવામાં થોડી ઉતાવળ લાગતી હોય તો ઊઘડવા માંડી કહો. ભારતના બાહ્ય દુશ્મનો જે ન કરી શક્યા એ આ લોકો કરી રહ્યા છે એ પ્રજાને સમજાવા લાગ્યું. ભારતીય શાખને તેઓ કલંકિત કરી રહ્યા છે.

અત્યાર સુધી ભારતીય રાષ્ટ્ર પર સંકટ હતું હવે તેની હત્યા કરવા માંગનારાઓ સામે પણ સંકટ પેદા થયું છે. તેમની સામેનું સંકટ વધારે મોટું છે, કારણ કે ભારતીય રાષ્ટ્રને તો નવપલ્લવિત કરી શકાશે, તેમનું ભવિષ્ય ધૂંધળું છે. તેમની હોવાપણાની પ્રાસંગિકતા સંકટમાં છે.